## જૈન શાસ્ત્રો અને દેવદ્રવ્યો

[ ધાર્મિકફંડો અને દાનફંડોના ઉપયોગ વિશે તપાસ કરવા નામદાર સરકારે એક સમિતિ નિમી છે. તેના પ્રમુખ શ્રીમાન ટેંડુલકર અને બીજા સભ્યો સમક્ષ ઉક્ત ફંડોના ઉપયોગ વિષે મને પણ જુબાની આપવા બોલાવેલો. મેં જે જુબાની આપી તેનો સારભાગ આ નીચે આપું છું: ]

જૈન ધર્મનું પ્રધાનસાહિત્ય સૂત્રસાહિત્ય છે. તેમાં પણ અંગગ્રંથો વિશેષ મહત્તા ધરાવે છે. એ અંગગ્રંથોમાં વિશેષે કરીને ચૈત્યોનો ઉલ્લેખ આવે છે. 'ચિતા' શબ્દમાં એ 'ચૈત્ય' શબ્દનું મૂળ છે. જે સ્થળે ધર્મવીર પુરુષોની ચિતા ખડકાતી અને તેમને અગ્નિસંસ્કાર થતો તે સ્થળે તેમનું જે સ્મારક ઉભું કરવામાં આવતું તેનું નામ 'ચૈત્ય.' 'ચૈત્ય' શબ્દનો આ ઐતિહાસિક અને વ્યુત્પત્ત્યર્થ છે. છત્રીઓ, પગલાંઓ, વૃક્ષો કે નાની દેવડીઓ તથા નાની થાંભલીઓ વા ખાંભીઓ વગેરે સ્મારકરૂપે યોજવામાં આવતાં. કેવળ ધર્મવીરોની સ્મૃતિ સચવાય એ માટે એ સ્મારકો ઉભાં કરવામાં આવતાં. એની પાછળ પૂજ્યપૂજકની કલ્પનાનો ખાસ ભાવ નહતો. ભગવાન મહાવીરના નિવૃત્તિપરાયણ નિર્ગ્રંથો લોકોનો સંસર્ગ સેવતા જ નહીં. પણ જ્યારે તીર્થપ્રચાર વા ધર્મપ્રચારની વૃત્તિ એ નિર્ગ્રંથોમાં જાગૃત થઈ ત્યારે લોકસંસર્ગ કરવો જ રહ્યો. આ વખતે એટલે મહાવીર સ્વામીના નિર્વાણ પછી આશરે આઠસેં નવસેં વર્ષે એ અસંગ નિર્ગ્રંથો ચૈત્યોમાં કે ચૈત્યોનાં પરિસરમાં રહેવા લાગ્યા અને એક નવી પરંપરા નામે 'ચૈત્યવાસી પરંપરા'નો આવીર્ભાવ થયો. આ પહેલાં નિર્ગ્રંથો પ્રાયઃ આરણ્યક હતા, વનવાસી હતા. નિર્ગ્રંથોના ચૈત્યવાસને લીધે હવે લોકો ચૈત્યો પાસે વિશેષપણે આવવા લાગ્યા અને ત્યાં ધર્મશ્રવણનો લાભ મેળવવા લાગ્યાં. આથી ચૈત્યોની મહત્તા વધી અને ખાસ કરીને અસંગ નિર્ગ્રંથોના રહેઠાણ થવાથી તે ચૈત્યોનો મહિમા વિશેષ પ્રસરતો થયો આમ થવાથી ચૈત્યોની રક્ષા અને ત્યાં વસનારા મુનિઓની સુરક્ષા વગેરેને અંગે દાની લોકોએ ચૈત્યો માટે દાન આપવાં શરૂ કર્યાં. વિશેષ કરીને લોકો જમીનો આપતા. એ અપાયેલી જમીનોમાંથી થતી આવકદ્વારા ચૈત્યોની વ્યવસ્થા થવા લાગી. વખત જતાં ચૈત્યોની પૂજા વધવા લાગી. તેમ તેને અંગે જમીનો ઉપરાંત રોકડ નાણું પણ લોકો ચૈત્યોના નિર્વાહ માટે આપવા લાગ્યા અને ત્યાં પ્રકાશ વગેરેની વ્યવસ્થા માટે ઘી વગેરેની પણ વ્યવસ્થા કરવા લાગ્યા. (વર્તમાનમાં જે ઘી બોલવાનો રિવાજ છે તે એ બાબતના ઘી માટે હતો, પણ પાછળથી એનો ઉપયોગ રોકડ નાણાં સારૂ થઇ ગયો.) વખત જતાં પેલા અસંગ નિર્ગ્રંથો સસંગ અને સગ્રંથ થવા લાગ્યા અને ચૈત્યો માટે અપાતાં દાનનાં તેઓ પોતાને સ્વામી માનવા લાગ્યા. આમ એ વખતે એ ચૈત્ય દ્રવ્યનો એ સસંગ ભિક્ષુઓએ ભારે દુરૂપયોગ કરવો શરૂ કરેલો. આની સામે સુવિહિત અને સદનુષ્ટાની આચાર્ય હરિભદ્રે ભારે વિરોધ જગાડયો અને કહ્યું કે એ 'ચૈત્ય દ્રવ્ય'ને કોઇ શ્રમણ પોતાની અંગત સગવડ માટે ન જ વાપરી શકે. એ દ્રવ્ય તો* પ્રવચનની વૃદ્ધિ કરનારૂં અને જ્ઞાન તથા દર્શન ગુણનું પ્રભાવક છે માટે તે, પ્રવચનની વૃદ્ધિ માટે તથા જ્ઞાનગુણ અને દર્શનગુણની વૃદ્ધિ માટે જ વપરાવું જોઇએ. ( પ્રવચનનો અર્થ સંઘ, તીર્થ અને શાસન છે. જ્ઞાનનો અર્થ પ્રસિદ્ધ છે અને દર્શનનો અર્થ સમકિત છે. )

શ્રી હરિભદ્રના કહેવા ઉપરથી માલુમ પડે છે કે એ ચૈત્યદ્રવ્ય સંઘની વૃદ્ધિ માટે, વિદ્યાની વૃદ્ધિ માટે અને સમકિતની વૃધ્ધિ માટે વાપરી શકાય અર્થાત્ જૈન સંઘની સર્વાંગીણ ઉન્નતિ માટે એ દ્રવ્યનો ઉપયોગ કરવામાં કોઇ પ્રકારનો વાંધો નથી. હરિભદ્રસૂરિ

---

* जिणपवयणवुड्ढिकरं पभावगं नाणं-दंसणगुणाणं ।
वड्ढंतो जिणदव्वं तित्थयरत्तं लहईजीवो जावौ ॥ संबोध प्रकरण पानुं ४

વધારામાં એમ પણ કહે છે કે એ દ્રવ્યનું નામ માત્ર જિનદ્રવ્ય કે ચૈત્યદ્રવ્ય જ નથી, પણ મંગળદ્રવ્ય, નિધિદ્રવ્ય અને શાશ્વતદ્રવ્ય પણ એના પર્યાય શબ્દો છે. (સંબોધ પ્રકરણ ગા. ૯૬) વળી, આચાર્ય હરિભદ્ર કહે છે કે એ જિનદ્રવ્ય પ્રવર ગુણોનું જનક છે અને હર્ષને પેદા કરનારૂં છે અને પ્રધાન પુરૂષોએ તેનો એ રીતે ઉપયોગ કરેલો છે. (સંબોધ પ્ર ગા. ૯૫) આમ જૈન સંઘના શ્રેય માટે તે ચૈત્યદ્રવ્ય કે જિનદ્રવ્યનો ઉપયોગ થાય તેમાં કોઇ પ્રકારનો વાધો નથી. વળી, મેં એવું તો કયાંય વાંચ્યું જ નથી કે 'ચૈત્યદ્રવ્યનો ઉપયોગ સંઘના આધ્યાત્મિક શ્રેય માટે કે વિદ્યાના પ્રચાર માટે ન થઇ શકે અને એમ ઉપયોગ કોઇએ કર્યો હોય તો તે દોષભાગી થાય.' દેવદ્રવ્ય કે જિનદ્રવ્યનો ઉપયોગ કરનારને જે દોષભાગી કહેલ છે તે તો તેને ખાઇ જનારને એટલે કે અનીતિદ્વારા તેને ખાઇ જનારને દોષભાગી બતાવેલો છે અને એ છે પણ બરાબર. જો વ્યવહારમાં અનીતિ એ એક મોટો દોષ ગણાય છે તો પરમાર્થના કામમાં તો એ વિશેષ મોટો દોષ ગણાવો જ જોઇએ. પણ જૂની પરંપરાને પૂજનારા અને ચાલતું આવ્યું છે તેમજ ચલવનારા મારા જૈન-ભાઇઓ આ હકીકતને સમજી શકતા નથી. મારૂં માનવું છે કે હરિભદ્રસૂરિના સમયમાં જ આ શબ્દે એટલે કે ચૈત્યદ્રવ્ય કે જિનદ્રવ્ય શબ્દે સમાજમાં ભારે કોલાહલ કરી મુકેલો. અને આગમોના અભ્યાસને પરિણામે મારી એ મજબુત માન્યતા છે કે મૂળ આગમગ્રંથોમાં તો એ શબ્દને મેં કયાંય વાંચેલો નથી એટલે એ શબ્દ આગમકાળ પછી જ આવેલો છે. ખુદ આચાર્ય હરિભદ્ર પણ એ 'ચૈત્યદ્રવ્ય' શબ્દને* કલ્પેલો શબ્દ કહે છે. તેઓ કહે છે કે "સંગવિમુકત દેવોને વળી દ્રવ્ય કેવું? અર્થાત્ વીતરાગ દેવો સાથે કોઇ રીતે દ્રવ્યનો સંબંધ જ ઘટતો નથી. પરંતુ એ દેવના પોતાના સેવકોની બુધ્ધિએ તેને 'દેવદ્રવ્ય' રૂપે કલ્પેલું છે" ચૈત્યવાસીઓના સમયમાં જે ચૈત્યપૂજા ચલતી તેનું વિશેષ સ્થૂલ-રૂપ તે વર્તમાન 'મૂર્તિપૂજા' છે. આમ છે માટેજ આગમગ્રંથોમાં મૂર્તિપૂજા વિશે ખાસ કોઇ વિશેષ ઉલ્લેખો મળતા નથી. એટલે એને લગતા વિધિવિધાનના વા બીજા પ્રકારના ઉલ્લેખો મારા જોવામાં આવ્યા નથી. જે થોડા ઘણા ઉલ્લેખો મળે છે તેમાંનો મોટો ભાગ સ્વર્ગીય દેવોની સાથે વા સ્વર્ગની સાથે સંબંધ ધરાવે છે. દ્રૌપદીની કથામાં મૂર્તિપૂજાને લગતો એક કથાત્મક ઉલ્લેખ મળે છે અને તે જ ઉલ્લેખ માનવ-લોકને અંગેનો છે. આ સિવાય જયાં જયાં શ્રાવકોના અધિકારો આવેલા છે ત્યાં મેં કયાંય મૂર્તિપૂજાના ઉલ્લેખો જોયા નથી. આ હકીકત હું શાસ્ત્રના ઉલ્લેખની અપેક્ષાએ જણાવું છું અને એમાં એ પણ ઉમેરવા ઇચ્છું છું કે જે ઉલ્લેખો મળે છે તે પણ માત્ર કથારૂપ છે. કથારૂપ ઉલ્લેખો મારી સમજ પ્રમાણે કેવળ કથા જ બતાવે છે, પણ કોઇ પ્રકારનો વિધિનિષેધ કરી શકતા નથી. આ કહેવાનો મારો આશય એવો નથી કે મૂર્તિપૂજાની પદ્ધતિ સર્વથા નિષ્ફળ છે વા સર્વથા અહિતકર છે. પરંતુ તે પદ્ધતિ ધીરે ધીરે સ્થૂળ રૂપમાં આવીને આવી રીતે ચલે છે. વર્તમાન કાળમાં તે બહુ સ્થૂલરૂપને પામી છે. મારી ધારણા શાસ્ત્રોના અભ્યાસને પરિણામે એવી બંધાયેલી છે કે મૂર્તિપૂજાની પદ્ધતિ દરેક માનવ ઉપર લાદવા કરતાં તે માટે તેને સ્વતંત્ર રહેવા દેવો જોઇએ. એટલે એ વિધિ ફરજીયાત બનાવવા કરતાં ઐચ્છિક રહેવા દેવી જોઇએ, જેથી એને લીધે સંપ્રદાયો ન બંધાય અને સંપ્રદાયો વચ્ચે સંઘર્ષ પણ ન થાય. અનુષંગને લીધે મારે દેવદ્રવ્યની વાત કરતાં મૂર્તિપૂજા વિશે પણ થોડું કહેવુ પડયું છે, પણ મારો મૂળ મુદ્દો દેવદ્રવ્ય જૈન સમસ્ત સંઘના શ્રેય માટે વાપરી શકાય એ છે અને એમાં પ્રાચીન શાસ્ત્રોમાંનું કોઇ આડે આવતું નથી. ઉલટું હરિભદ્ર જેવા સમર્થ આગમવિવેચક એ વાતને ટેકો આપે છે. જે લોકો કેવળ શાસ્ત્રાધારી છે તેમને માટે મેં આ હકીકત કહેલી છે. પણ જેઓ પોતાના અનુભવ, તર્કબળ અને સંયોગબળનો આ ચર્ચા માટે ઉપયોગ કરશે તેમને દેવદ્રવ્યનો સમસ્ત જૈન સંઘના હિત માટેનો ઉપયોગ સ્પષ્ટપણે જણાશે, જણાશે અને જણાશે જ.

બેચરદાસ જીવરાજ દોશી

* न हु देवाण वि दव्वं संगविमुक्काण जुज्जए किमवि ।
नियसेवगबुद्धिए कप्पियं देवदव्वं तं ॥ संबोध प्र. गा. ९०